નિ:શુલ્ક: ૧-૮૦૦-૩૩૭-૭૨૨૨
ટીટીવાય નિ:શુલ્ક: ૧-૮૦૦-૨૬૩-૭૭૭૬

www.ontario.ca/budget





## ઓન્ટારિયોના ડ્રાઇવરોને પૈસા બચાવવામાં મદદ કરી રહી છે

ઓન્ટારિયોમાં ૯૦ લાખ કરતાં પણ વધુ ડ્રાઇવરો માટે મોટરગાડીના વીમાની કિંમત સ્થિર કરવા નીચે મુજબના સૂચનો કરીને સરકાર પોતાની સફળતા પર મદાર રાખી રહી છે:

- ☑ કિંમત અને દરમાં ઘટાડો કરવાની એક કુશળ યોજના જે ઉપભોક્તાઓ માટે મોટરગાડીના વીમાના હપ્તામાં આશરે ૧૫ ટકા ઓછા કરશે.
- ☑ વીમા આપનારાઓએ સલામત ડ્રાઇવરોને સસ્તા દરો આપવા જરૂરી બનશે.
- ☑ ઉપભોક્તાઓનું રક્ષણ કરવા અને કિંમતો ઘટાડવા માટે મોટરગાડીના વીમામાં થતી છેતરપિંડીને સતત તોડી પાડતા રહેવું.
- ☑ આ વ્યવસાયમાં કિંમત તપાસતા રહીને ઉપભોક્તાઓ સુધી બચતો પહોંચતી રહે એની ખાતરી રાખવા નવા જવાબદાર અને પારદર્શક પગલાં લેવા.

## ઓન્ટારિયો ટ્રિલીયમ બેનિફિટ (Ontario Trillium Benefit): લોકો માટે વધુ વિકલ્પ

ઓન્ટારિયો ટ્રિલીયમ બેનિફિટ (ઓટીબી) મેળવવા માટે ૨૦૧૪ થી શરૂ કરીને સરકાર લોકોને એક જ વારમાં અથવા દર મહિને ચૂકવણી કરી શકાય એવા વિકલ્પનું સૂચન કરી રહી છે.

ઓટીબીમાં ત્રણ ટેક્સ ક્રેડિટ્સ એકમાં જ એકત્રિત થાય છે.

ઘણા લોકોને દર મહિને જેમ જેમ પોતાના બિલો આવતા જાય તેમ તેમ માસિક મદદ મળતી રહે એ વધારે ગમતું હોય છે; જો કે અમુક લોકોને એક જ વારમાં ચૂકવણી થઇ જાય એ ગમતું હોય છે.





એક સમૃધ્ધ
અને
નિષ્પક્ષ ઓન્ટારિયો

# ઓન્ટારિયો અંદાજપત્ર
# ૨૦૧૩



© Queen’s Printer for Ontario, 2013



ઓન્ટારિયોની નવી સરકારે *૨૦૧૩ અંદાજપત્ર* દ્વારા એક એવી યોજના કરી છે જેનાથી પ્રાંતની અર્થવ્યવસ્થા મજબૂત થાય અને દરેક વ્યક્તિને સફળ થવા માટે તક મળે.

જ્યારે દરેક વ્યક્તિને લાભદાયક રીતે નોકરી કરવાની, પોતાના સમુદાયોના જીવનમાં ભાગ લેવાની અને આપણા પ્રાંતની સમૃધ્ધિમાં ફાળો આપવાની તક મળે ત્યારે જ ઓન્ટારિયોનો આર્થિક દેખાવ વધુ મજબૂત બને.

નોકરીઓનાં નિર્માણમાં સરકારની ભૂમિકા એ છે કે ધંધા અને ઉદ્યમીઓ માટે યોગ્ય વાતાવરણ ઊભું થાય કે જેનાથી તેઓને જોખમ લેવા, રોકાણો કરવા, નોકરીઓનાં નિર્માણ કરવા અને નવીન શોધખોળો કરાવવા માટે પ્રોત્સાહન મળે.

## સંતુલનના માર્ગે

ઓન્ટારિયોની સમૃધ્ધિ નિશ્ચિત કરવા માટે સરકાર ખાધ દૂર કરવાનું એકમાત્ર મહત્વનું કામ કરી શકે.

૨૦૧૭-૧૮ સુધીમાં ઓન્ટારિયોની સરકાર ખાધ દૂર કરવા માટે કટિબધ્ધ છે.

૨૦૧૨-૧૩ ની ખાધ ૯.૮ બિલીયન ડોલર અંદાજવામાં આવેલ છે – જે ગયા વરસના *અંદાજપત્ર*માં કરવામાં આવેલ અનુમાન કરતાં ૫ બિલીયન ડોલર ઓછી છે.

સરકારે જે પગલાં ભર્યા છે એના જ કારણે લાગલગાટ ચોથા વર્ષમાં પણ હેવાલમાં ઓન્ટારિયો અનુમાન કરવામાં આવેલ ખાધ કરતાં ઓછી ખાધ બતાવી શક્યું છે.

લાગલગાટ બીજા વર્ષમાં પણ કાર્યક્રમો માટે થનારા ખર્ચનો વધારો એક ટકાથી પણ ઓછો થવાની યોજના કરવામાં આવેલ છે.

## નોકરીઓ અને વિકાસ માટેની એક યોજના

ઓન્ટારિયોની નોકરીઓ અને વિકાસ માટેની યોજના મજબૂત આર્થિક પાયાઓ પર બનાવેલ છે, જે છ મહત્વના વિસ્તારોમાં સરકારની નીતિ અને રોકાણો પર આધારિત છે:

૧. ધંધા માટે સ્પર્ધાત્મક વાતાવરણ – એક સ્પર્ધાત્મક કર વ્યવસ્થા અને અસરકારક નિયમનને ટેકો આપવાથી નોકરીઓનાં નિર્માણ અને અર્થવ્યવસ્થાના વિકાસ માટે નવા ધંધાકીય રોકાણોને પ્રોત્સાહન મળે છે.

૨. આધુનિક માળખું – જાહેર પરિવહન સેવા, રસ્તા, શાળાઓ અને ઇસ્પિતાલોમાં રોકાણો કરવા એ એક ફળદાયક અર્થવ્યવસ્થા માટેનો એક મહત્વનો પાયો છે.

- સમગ્ર પ્રાંતમાં દર વરસે આશરે ૧૦૦,૦૦૦ નોકરીઓને ટેકો આપવા માટે આગામી ત્રણ વર્ષમાં સરકાર અતિ મહત્વની જગ્યાઓ, જેમ કે પરિવહન, આરોગ્ય સંભાળ અને શિક્ષણમાં ૩૫ બિલીયન ડોલર કરતાં પણ વધુ રોકાણો કરવાની યોજના કરી રહી છે.

૩. અતિ કુશળ કર્મચારીઓ – કૌશલ્ય અને ભણતરમાં રોકાણ કરવાથી, તેમ જ યુવાવર્ગને માટે નોકરીઓ આપવાથી એ બાબતની ખાતરી મળે છે કે પ્રાંતના લોકો કામ કરી શકે અને સમૃધ્ધ બની શકે છે.

- ઓન્ટારિયોમાં યુવાવર્ગ માટે નોકરીઓ માટેની તકો, ઉદ્યમવૃત્તિ અને નવીન શોધખોળોને પ્રોત્સાહન આપવા માટે સરકાર બે વર્ષના સમયગાળામાં ૨૯૫ મિલીયન ડોલરના રોકાણ સાથે એક સમાવેશક યૂથ જોબ્ઝ સ્ટ્રેટેજીનું સૂચન કરી રહી છે.

૪. ઉદ્યમવૃત્તિ અને નવીન શોધખોળોને પ્રોત્સાહન આપવું – વિશ્વવ્યાપી અર્થવ્યવસ્થા માટે નવીન માલસામાન અને સેવાઓમાં રૂપાંતર કરી શકાય એવા કલ્પનો ધરાવનાર ઓન્ટારિયોના સામર્થ્યને મજબૂત કરવું.

૫. વિશ્વવ્યાપી બનવું – ઉદ્યોગો સાથે કામ કરીને માલસામાન અને સેવાઓ સુધી પહોંચી શકાય એ રીતે બજારોનો ઓન્ટારિયોની સરહદોથી અન્ય પ્રાંતો સુધી, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઉભરતી અર્થવ્યવસ્થાઓ સુધી ફેલાવો કરવો.

૬. ધબકતા અને મજબૂત સમુદાયો – નોકરીઓનાં નિર્માણ કરવાથી અને અર્થવ્યવસ્થાના વિકાસથી બધા જ સમુદાયો અને પ્રાદેશિક અર્થવ્યવસ્થાઓને ફાયદો મેળવી આપવામાં મદદ કરવી.

### એક નિષ્પક્ષ સમાજ

જ્યારે દરેક વ્યક્તિને પોતાના સંપૂર્ણ સંભાવ્ય સામર્થ્ય મુજબ સફળ થવાની તક મળે ત્યારે જ ઓન્ટારિયોનો આર્થિક દેખાવ અને સામાજીક પોત વધુ મજબૂત બને.

*ઉચ્ચ કક્ષાની જાહેર સેવાઓ નીચે મુજબ પૂરી પાડતા રહેવું:*

☑ દરેક વ્યક્તિ ઉચ્ચ કક્ષાની આરોગ્ય સંભાળ સેવાઓ સુધી પહોંચી શકે એ માટેના સુધારા કરે છે.

☑ વિદ્યાર્થીઓની સફળતા માટે આખા દિવસના બાળમંદિરનું સંપૂર્ણપણે અમલીકરણ કરવાનો સમાવેશ અને નાનકડા વિદ્યાર્થીઓને સફળ થવા માટે જરૂરી કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

☑ પોસ્ટ સેકન્ડરી શિક્ષણ સુધીની પહોંચમાં સુધારો કરવા માટે ઓન્ટારિયો ટ્યુશન અનુદાનમાં ૩૦ ટકાની છૂટ પૂરી પાડે છે.







***લોકો માટેની તકો વધારવા નીચે મુજબના સૂચનો કરવામાં આવે છે:***

☑ સામાજીક મદદ મેળવનારાઓ માટે નોકરીમાં અવરોધો ઓછા કરવા માટે તેઓની દર મહિનાની આવકમાં ૨૦૦ ડોલરની છૂટ દાખલ કરવી.

☑ સામાજીક મદદના દરોમાં વધારા, જેમાં ઓન્ટારિયો વર્ક્સ (Ontario Works) મેળવનારા બાળકો વિનાના એકલા રહેતા વયસ્કો માટે એક અતિરિક્ત વધારો કરવો.

☑ ઓન્ટારિયો વર્ક્સ (Ontario Works) માટેની રોકડ મિલકતની મર્યાદા વધારવી જેથી કરીને મદદ મેળવનારાઓ બચત કરી શકે અને આર્થિક રીતે વધુ સલામત બની શકે.

☑ આદિવાસી બાળકો અને યુવાવર્ગની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેઓ સાથે સીધા સંકળાઇને સામાજીક મદદમાં નવેસરથી સુધારા કરીને, રહેઠાણો તેમ જ સેવાઓનું નવનિર્માણ કરીને આદિવાસી લોકો માટે વધુ તકો માટે ટેકો આપવો.